બિડાણઃ (૧) મામલતદાર, જલાલપોર,નવસ તા.૨૩.૦૩.૨૦૧૭ પત્ર નં.ઈએલસી/સ્ટાફ/માહિતી/વશી/૧૦૦ થી ૧૦૧ / ૨૦૧૭.

**વિષયઃ વિધાનસભાની સામાન્ય ચૂંટણી – ૨૦૧૭.**
**– ચૂંટણી ફરજ પરના સ્ટાફનો ડેટાબેઝ તૈયાર કરવા બાબત..**

---

**જા.નં.નકૃયુ/રજી/અ.ઉ.ઉ/સ્ટાફ માહિતી/ 3943-48 /૨૦૧૭.** **તાઃ૦૪/૦૪/૨૦૧૭**

for ઈ/ચા.કુલસચિવ
નવસારી કૃષિ યુનિવર્સિટી
નવસારી

સામેલઃ ઉપર મુજબ.

**નકલ સવિનય રવાનાઃ–** અત્રેની યુનિવર્સિટીના નવસારી કેન્દ્ર ખાતેના તમામ યુનિટના વડાશ્રીઓ તરફ જાણ તેમજ

*૨/– આ સાથે મામલતદાર જલાલપોર,નવસારીના તા.૨૩.૦૩.૨૦૧૭ના પત્રમાં જણાવેલ વિગત અન્વયે આપના તાબા હેઠળની કચેરીઓમાં ફરજ બજાવતાં તમામ અધિકારીશ્રી / કર્મચારીઓની સંપૂર્ણ માહિતી તાત્કાલીક આ સાથેનાં પત્રમાં જણાવ્યા મુજબ તૈયારી કરી હાર્ડ અને સોફ્ટ કોપીમાં અત્રેની કચેરીની જાણ હેઠળ બારોબર મોકલી આપવાની રહેશે.*

નોંધ:- statement-A અને EPM-1 ના ફોર્મેટમાં જ માહિતી મોકલવી.

નકલ રવાના:- [illegible]

[Type text]

By Post

ચૂંટણી અગત્યનું
તાત્કાલિક

નં.ઈએલસી/સ્ટાફ/માહિતી/વશી ૧૦૦૪/૨૯૧/૨૦૧૭
મામલતદાર જલાલપોર,મામલતદાર કચેરી,
જલાલપોર,મુ.કાલીયાવાડી નવસારી
તા.૨૩-૦૩-૨૦૧૭

પ્રતિ,

રજીસ્ટ્રારશ્રી,

નવસારી કૃષિ યુનિવર્સિટી,

મુ.પો, એરૂ, તા. જલાલપોર, જિ. નવસારી
પિન.નં. ૩૯૬ ૪૫૦

વિષય : વિધાનસભાની સામાન્ય ચૂંટણી-૨૦૧૭.
— ચૂંટણી ફરજ પરના સ્ટાફનો ડેટાબેઝ તૈયાર કરવા બાબત.
સંદર્ભ :— મુખ્ય નિવાચન અધિકારીશ્રી ગુજરાત રાજય ગાંધીનગરના
પત્રનં.ઈએલસી-૨૨૧૭-૧૦૮-છ તા.૧૦-૦૩-૨૦૧૭

જયભારત સહ ઉપરોકત બાબતે જણાવવાનું કે, મુખ્ય નિવાચન અધિકારીશ્રી ગુજરાત રાજય ગાંધીનગરના સંદભિત પત્રની નકલ બિડાણ સહિત સામેલ રાખી મોકલી છે. તેમાં જણાવ્યા મુજબ સ્ટાફની માહિતીનો ડેટાબેઝ તાત્કાલિક તૈયાર કરવાની સૂચના છે. તે મુજબ લોકપ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ની કલમ-૧૫૯(૨)માં દર્શાવેલી સંસ્થાઓ પાસેથી તમામ અધિકારી/ કર્મચારીઓ સંબંધી માહિતી મેળવી સમગ્ર જિલ્લાનો ડેટા બેઈઝ તૈયાર કરવાનો છે. અને માહિતી EMP-01 તથા ~~EMP-02~~માં મેળવવાની છે. તથા બેંક, એલ.આઈ.સી., યુનિર્વસીટી, કેન્દ્ર સરકારના બોર્ડ, કોર્પોરેશન, નિગમ, રાજય સરકારના સદર પત્રના પારા-૨ સમાવિષ્ટ ન હોય તેવી સંસ્થા/ કચેરીની માહિતી Statement-A માં Excel Format માં FTP server પર (અંગ્રેજીમાં) મુકવાની છે. તથા અધિકારી/કર્મચારીના પગાર ધોરણની વિગત માર્ચ-૨૦૧૭ની પે-સ્લીપ મુજબ આપવાની છે અને ફીક્ષ પગારના કર્મચારીના કિસ્સામાં ફકત ગ્રોસ પગાર જ દર્શાવવાનો છે તથા કચેરીનાં હાજરીપત્રકની નકલ પણ અવશ્ય જોડવી.

**Statement-A, EMP-01** તથા ~~**EMP-02**~~ માં દર્શાવેલ માહિતી તા.૦૫-૦૪-૨૦૧૭ સુધીમાં સૉફ્ટ કોપી તેમજ હાર્ડ કોપીમાં અચૂક મોકલવી. <u>આપના કાર્યક્ષેત્ર હેઠળની કોઈપણ કચેરીની માહિતી મોકલવાની બાકી નથી તેવું પ્રમાણપત્ર પણ તેની સાથે મોકલવું તેમજ ચૂંટણી પંચે આપેલ ફોર્મેટ મુજબ માહિતી દરેક કોલમમાં ભરવાની છે,</u> જેની સંપૂર્ણ ચકાસણી કરીને જ અત્રે મોકલવા વિનંતી છે.

સબબ, આગામી વિધાનસભા સામાન્ય ચૂંટણીના સંદર્ભે મતદાન સ્ટાફ માટે નિયૂકત કરવાના થતા ડેટાબેઝમાં કોઈ મુશ્કેલી ન પડે તે બાબત ધ્યાનમાં રાખીને માહિતી સમયમર્યાદામાં અત્રે મોકલવા વિનંતી છે.

નોંધ:- દરેક કચેરીએ માહિતી શ્રુતિ ફોન્ટમાં આપવી.

વિભાગ, ન.કૃ.યુ. આ.ક.નં. ૨૪૨૩ તા. - 3 APR 2017 કોડીનેટ-૩ શાખા

- 3 APR 2017

મામલતદાર જલાલપોર

બિડાણ :— ૧.Statement-A ૨. EMP-01 તથા EMP-02 પત્રક

# STATEMENT-A

Name of District:

| Sr.No. | Institution* | Designation of Authority # | Branch/Add1 @ | Add2 | Add3 |
|---|---|---|---|---|---|
| 1 | | | | | |
| 2 | | | | | |
| 3 | | | | | |

* બેંક,યુનિવર્સીટી,કોર્પોરેશન,સરકારી કંપની...વગેરે કચેરીનું નામ.

# સબંધિત સંસ્થાના વડાનો હોદ્દો જેમકે Manager, Branch Manager, commissioner, chief officer...વગેરે

@ બ્રાંચ નું નામ અથવા સંસ્થા / કચેરી જે વિસ્તારમાં આવેલ હોય તે મુખ્ય વિસ્તારનું નામ.

Add2, Add3 સંસ્થા / કચેરીનું સરનામું

<u>નોંધ : ઉકત માહિતી માત્ર અંગ્રેજીમાં અને Excel sheet માં જ આપવી તથા FTP પર પણ Excel sheet જ upload કરવી.</u>

# EMP-01

## (કચેરીના સ્ટાફની માહિતીનું પત્રક-રાજ્ય સરકારની કચેરીઓ તથા સ્થાનિક સંસ્થાની કચેરીઓ માટે)

કચેરીનું નામ :

કચેરીનું પુરૂ સરનામું :

સંપર્ક નંબર :

મહેકમની બાબતો સંભાળતા અધિકારીનું નામ અને હોદ્દો :

કચેરી જે વિધાનસભા મતવિભાગમાં આવે છે તે મતવિભાગનું નામ :

| ક્રમ નં. | અધિકારી/ કર્મચારીનું પુરૂ નામ | પુરુષ/ સ્ત્રી | ઉંમર | હોદ્દો | વર્ગ i/ii/iii /iv | પગાર ધોરણ # | | બેઝીક પગાર | કુલ પગાર | અધિકારી /કર્મચારીનું | | મતદાર ફોટો ઓળખ પત્ર (EPIC) નંબર | મતદાર તરીકેની વિગત | | | અધિકારી/ કર્મચારીની વય નિવૃતિની તારીખ | ખાસ રિમાર્કસ (અપંગ/ સગર્ભા) | અધિકારી/ કર્મચારીનો સંપર્ક નંબર (મોબાઈલ) | કર્મચારી/ અધિકારી નો બેન્ક ખાતા નંબર | બેન્ક નું નામ અને IFSC કોડ | અગાઉની ચૂંટણી ફરજનો હોદો (પ્રિસાઈડીંગ/ પોલીંગ/ઝોનલ ઓફીસર / પટાવાળા વિગેરે) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | છઠ્ઠા પગાર પંચ મુજબ | ૭ મા પગાર પંચ મુજબ | | | મુળ વતનનું સરનામું | હાલનું રહેણાંક નું સરનામું | | AC | PART | Sr.NO | | | | | | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | ૨૦ | ૨૧ | ૨૨ |
| | | | | | | | | | | | | | | | | | | | | | |

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે અત્રેથી કચેરીના તમામ અધિકારી/કર્મચારીની વિગત ઉપર મુજબ છે અને કોઈ અધિકારી/કર્મચારીની વિગત બાકી રહેતી નથી.ઉપર આપેલી માહિતી કચેરીના રેકર્ડ મુજબ બરાબર છે.

તારીખ :

કચેરીના વડા/મહેકમ ઈનચાર્જની સહી

નોંધ : (૧) મતદાર તરીકેની વિગત શોધવા માટે www.ceogujarat.nic.in વેબ સાઈટ ઉપર "Search your name in the Voter's List " મેનુમાં જઈ નામ આધારે અથવા EPIC નંબર આધારે સર્ચ કરી વિગતો ભરવી.

(૨) જો કર્મચારી "ફીક્સ પગાર" મેળવતા હોય તો કોલમ ૭-૮-૯-૧૦ માં કુલ ફીક્સ પગાર જ દર્શાવવો.

(૩) મૂળ વતનના સરનામાની વિગતમાં ગામ/શહેરનું નામ, તાલુકો અને જિલ્લો દર્શાવવો. જો ગુજરાત રાજ્ય બહારના વતની હોય તો જે તે રાજ્યનું નામ દર્શાવવું.

# છઠ્ઠુ પગાર ધોરણ કે સાતમું પગાર પંચ પૈકી કર્મચારી જે પગાર ધોરણ મેળવતા હોય તેની વિગતો પુરી પાડવી.

**ELECTION IMMEDIATE**

Phone : 079-23256731
079-23250456
Fax No. : 079-23250324
079-23250319

# OFFICE OF THE
# CHIEF ELECTORAL OFFICER

GUJARAT STATE
General Administration Department (Election Division)
Sardar Bhavan, Block No. 7, 2nd floor, Sachivalaya, Gandhinagar-382 010.

ક્રમાંક : ઈએલસી-૨૨૧૭-૧૦૮-છ તા.૧૦/૦૩/૨૦૧૭

પ્રતિ,

સર્વે કલેક્ટર અને જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીઓ

વિષય: <u>વિધાનસભા ની સામાન્ય ચૂંટણી-૨૦૧૭</u>
**ચૂંટણી ફરજ પરના સ્ટાફનો ડેટાબેઝ તૈયાર કરવા બાબત.**

ઉપર્યુક્ત વિષય પરત્વેના ચૂંટણી આયોગ, નવી દિલ્હીના તા.૧૮/૦૬/૨૦૧૩ના પત્ર ક્રમાંક : 52/2013/SDR ની નકલ મોકલતા જણાવવાનું કે આયોગના ઉપર્યુક્ત પત્રમાં આપવામાં આવેલી સ્થાયી સુચના મુજબ દરેક જિલ્લા ચૂંટણી અધિકારીએ નીચે મુજબના સ્ટાફની માહિતી નો ડેટા - બેઈઝ તૈયાર કરવાનો રહે છે.

(૧) કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકારના અધિકારીઓ/કર્મચારીઓ અને કેન્દ્ર તથા રાજ્ય સરકારના જાહેર સાહસો ના અધિકારી/કર્મચારીઓ
(૨) હોમ ગાર્ડ સહિતના પોલીસ કર્મચારીઓ
(૩) સરકારી વાહનોના અને રાજ્ય વાહન વ્યવહાર નિગમના વાહનોના ડ્રાઈવર, કંડકટર અને કલીનરની મહિતી
(૪) ખાનગી વાહનો જેવા કે, ટ્રક, બસ, મીની બસ, વિગેરેના ડ્રાઈવર, કંડકટર અને કલીનરની માહિતી.

આ માહિતી તૈયાર કરતી વખતે મતદાન સ્ટાફની નિમણુંક બાબતમાં ચૂંટણી આયોગ, નવી દિલ્હીના તા.૧૯/૯/૨૦૦૮ ના પત્ર ક્રમાંક : 464/INST/2008/EPS થી આપવામાં આવેલ સુચનાઓ તથા હેન્ડબુક ફોર રીટર્નીંગ ઓફીસર-૨૦૧૪ ની સૂચનાઓ પણ ધ્યાને લેવાની રહેશે.

૨. ચૂંટણી કામગીરી માટે રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારના અધિકારી / કર્મચારીઓ ઉપરાંત લોકપ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ ની કલમ -૧૫૯(૨) હેઠળ સમાવિષ્ટ સંસ્થા / કચેરીઓ પૈકી નીચે જણાવેલ કચેરીઓના સત્તાધિકારીને અત્રેના તા. ૦૯/૦૩/ ૨૦૧૭ ના હુકમ ક્રમાંક : ઈએલસી-૨૨૧૭-૧૦૮ –છ થી તે કચેરીના સ્ટાફની માહિતી પૂરી પાડવા અને ચૂંટણી કામગીરી માટે જિલ્લા ચૂંટણી અધિકારીની માંગણી મુજબ સ્ટાફની સેવા ઉપલબ્ધ કરાવવા જણાવી દેવામાં આવ્યું છે. જેની નકલ સંબંધિત જિલ્લા ચૂંટણી અધિકારીને પણ મોકલવામાં આવેલ છે.

(૧) વિકાસ કમિશ્નરશ્રી,ગાંધીનગર.
(૨) તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ
(૩) તમામ મહાનગરપાલિકાના કમિશનરશ્રીઓ

(૪) તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ
(૫) તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ
(૬) નગરપાલિકા નિયામકશ્રીની કચેરી,ગાંધીનગર
(૭) પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી,ગાંધીનગર
(૮) ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રી, ગાંધીનગર
(૯) ટેકનિકલ શિક્ષણ નિયામકશ્રી, ગાંધીનગર
(૧૦) રાજ્ય સરકારના તમામ બોર્ડ/નિગમ/કોર્પોરેશન
(૧૧) ઉપાધ્યક્ષ અને વહિવટી સંચાલક, ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમ, અમદાવાદ

૩. દરેક જિલ્લા ચૂંટણી અધિકારીએ પ્રથમ તબક્કે, રાજ્ય અને કેન્દ્ર સરકારના તમામ વિભાગ, ખાતા, કચેરી ઉપરાંત ઉપરોક્ત પારા-૨ માં જણાવ્યા મુજબ લોકપ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ ની ક્લમ -૧૫૯(૨) હેઠળ સમાવિષ્ટ કચેરી /સંસ્થાઓ પાસેથી માહિતી મેળવી ડેટાબેઈઝ તૈયાર કરવાનો રહેશે.

૪. આ સિવાય આપના જિલ્લામાં લોકપ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ ની કલમ – ૧૫૯(૨)માં સમાવિષ્ટ સંસ્થાઓ જેવી કે, બેન્ક, લાઈફ ઈન્સ્યોરન્સ કોર્પોરશન, યુનિવર્સિટી, કેન્દ્ર સરકાર ના બોર્ડ, કોર્પોરેશન, નિગમ; રાજ્ય સરકારના ઉપરના પારા-૨માં સમાવિષ્ટ ન હોય તેવી સંસ્થા/કચેરીની માહિતી આ સાથેના Statement-A માં Excel Format માં FTP server પર (અંગ્રેજીમાં) માર્ચ માસના ફોલ્ડર નં. Assembly polling Staff-2017 માં તા.૩૧/૦૩/૨૦૧૭ સુધી અચૂક મૂકી તેની અત્રે જાણ કરવાની રહેશે.

૫. ઉપરોક્ત સંસ્થાઓની માહિતી આ વિભાગને મળ્યા બાદ તુર્ત જ જે તે સંસ્થાઓને આ વિભાગ દ્વારા તેઓની કચેરી /સંસ્થાના સ્ટાફની માહિતી સંબંધિત જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીની માંગણી મુજબ પૂરી પાડવા અને તે અધિકારી / કર્મચારીઓની સેવા ઉપલબ્ધ કરાવવા લોકપ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૫૯(૧) હેઠળ અત્રેથી હુકમો કરવામાં આવશે. જેની નકલ સંબંધિત જિલ્લા ચૂંટણી અધિકારીએ અત્રેથી રૂબરૂ મેળવી સંબંધિત સંસ્થાઓને બજાવવાની રહેશે.

૬. ઉપરોક્ત હુકમ જે તે જિલ્લા ચૂંટણી અધિકારીને મળ્યા બાદ જે તે કચેરી/સંસ્થાને તે કચેરીનો સ્ટાફ પૂરો પાડવા જણાવવાનું રહેશે અને તે મુજબ ડેટા બેઈઝ તૈયાર કરવાનો રહેશે.

૭. ચૂંટણી આયોગ, નવી દિલ્હીએ આપેલી સૂચના મુજબ સ્ટાફનો ડેટા બેઈઝ તૈયાર કરવા અને તેનું રેન્ડમાઈઝેશન કરવા માટેનું સોફ્ટવેર આ વિભાગ દ્વારા પૂરૂ પાડવામાં આવશે.

૮. આપના જિલ્લામાં આવેલી રાજ્ય/કેન્દ્ર સરકારી કચેરીઓ, હોમગાર્ડ સહિતના પોલીસ કર્મચારીઓ, ખાનગી, સરકારી અને એસ.ટી. નિગમની બસોના ડ્રાઈવર, કન્ડકટર અને કલીનર ઉપરાંત લોકપ્રતિનિધિત્વ અધિનિયમ-૧૯૫૧ ની કલમ-૧૫૯(૨) માં દર્શાવેલી સંસ્થાઓ પાસેથી તમામ અધિકારી/કર્મચારીઓ સંબંધી માહિતી મેળવી સમગ્ર જિલ્લાનો ડેટાબેઈઝ તૈયાર કરવાનો છે. માહિતી નિયત નમુના EMP-01 અને EMP-02 માં મેળવવી (નકલ સામેલ છે).

૯. જિલ્લા ચૂંટણી અધિકારીઓએ જિલ્લાની માહિતી એકત્રીત કરવામાં અને માહિતીની ડેટા એન્ટ્રી કરવામાં સરળતા રહે તે માટે જિલ્લામાં આવેલી કચેરીઓની ફાળવણી તેઓના જિલ્લામાં આવેલા વિધાનસભા મતવિભાગના ચૂંટણી અધિકારીઓને કરવી. આ ફાળવણી વખતે કોઇ એક જ કચેરી બે ચૂંટણી અધિકારીને ફાળવવામાં ન આવે અને કોઈ કચેરી બાકી ન રહી જાય તેની ખાસ કાળજી

સ્થાની ચૂંટણી અધિકારીઓની કામગીરી તેઓને ફાળવવામાં આવેલી કચેરીઓના અધિકારી/કર્મચારીઓને માત્ર માહિતી એકત્રીત કરવા અને તે માહિતીની સોફ્ટવેરમાં ડેટા એન્ટ્રી કરવા પુરતી સીમીત રહેશે. માહિતી આ સાથેના નિયત નમુનામાં જ મેળવવાની રહેશે અને તે માહિતીની ડેટા એન્ટ્રી સોફ્ટવેરમાં ચોકસાઈ પૂર્વક કરવાની રહેશે.

૧૦. જે તે કચેરી પાસેથી માહિતી માંગતી વખતે તેઓની કચેરીના તમામ કર્મચારીઓની માહિતી આપવી ફરજીયાત છે અને જો કોઈ કર્મચારી /અધિકારીની માહિતી આપવામાં આવશે નહી તો તેની જવાબદારી જે તે કચેરીના વડાની રહેશે તે સ્પષ્ટ કરવું.

૧૧. ચૂંટણી આયોગ, નવી દિલ્હીના તા.૧૯/૦૯/૨૦૦૮ ના પત્રની સૂચના મુજબ ચૂંટણી ફરજ પર નીમવામાં આવનાર કર્મચારી રાજ્યમાં મતદાર હોવો જોઈએ અને તે મતદાર ફોટો ઓળખપત્ર ધરાવતો હોવો જોઈએ. આ માટે જે તે સંસ્થા પાસેથી નિયત પત્રકમાં માહિતી માંગવામાં આવે તેમાં કર્મચારીની મતદારયાદીમાં નામની નોંધની વિગતો પણ માંગવામાં આવી છે. આ માહિતી જો તે કર્મચારી પાસે ન હોયતો મુખ્ય નિર્વાચન અધિકારીની વેબસાઈટ www.ceogujarat.nic.in પરથી જાણી શકાશે તેવી જાણ સંસ્થા પાસે માહિતી માંગતા પત્રમાં જે તે સંસ્થાને કરવી. આમ છતાં સંસ્થા જો આ માહિતી પૂરી ન પાડી શકે તો જે તે ચૂંટણી અધિકારીએ આ માહિતી ઉપર્યુક્ત વેબસાઈટ પરથી મેળવવી. કોઈ કર્મચારીનું નામ મતદારયાદીમાં નોંધાયું ન હોયતો સબંધિત અધિકારી/કર્મચારી પાસે ફોર્મ-૬ માં અરજી મેળવવાની રહેશે, જો કોઈ મતદારયાદીમાં નામમાં ભુલ હોવાનું અધિકારી/કર્મચારી જણાવે તો તે કર્મચારી પાસે ફોર્મ-૮ માં અરજી મેળવી અને સતત સુધારણા હેઠળ મતદારના નામ નોંધવા /સુધારવાની કાર્યવાહી કરવી. ઉપરાંત જો કોઈ અધિકારી /કર્મચારી પાસે મતદાર ઓળખકાર્ડ ન હોય તો તેઓને નિયમોનુસાર મતદાર ફોટો ઓળખકાર્ડ આપવા. અત્રે ઉલ્લેખનીય છે કે કોઈ અધિકારી/કર્મચારી મતદારયાદીમાં નામ નોંધવા કે મતદાર ઓળખકાર્ડ મેળવવા ઉત્સાહ ન દર્શાવે તો પણ મતદાન સ્ટાફમાં તેઓને નિમણૂંક આપી શકાશે. મતદારયાદીમાં નામ ન નોંધાવવું કે મતદાર ઓળખકાર્ડ ન મેળવવું તે ચૂંટણી ફરજ ટાળવા માટેનું બહાનું ન બની જાય તે જોવા વિનંતી છે આ બાબત જે તે સંસ્થાના ધ્યાનમાં લાવવી.

૧૨. અધિકારી / કર્મચારી ના પગાર ધોરણની વિગત માર્ચ-૨૦૧૭ ની પે સ્લીપ મુજબ આપવા જે તે સંસ્થા/ કચેરીને જણાવવું. ફીક્સ પગારવાળા કર્મચારીના કિસ્સામાં ફક્ત કુલ પગાર જ દર્શાવવાનું સંસ્થાને જણાવવું.

૧૩. જે કચેરી પાસેથી માહિતી માંગવામાં આવે તે તમામ કચેરીને તેઓની કચેરી સંબંધી માહિતી બાબતમાં વિશેષ જાણકારી/સ્પષ્ટતા માટે તે કચેરીના નોડલ ઓફીસરનું નામ,સરનામું, ટેલીફોન નંબર તથા મોબાઈલ નંબર અચૂક મોકલવા જણાવવું.

૧૪. જે તે કચેરીએ માહિતી મોકલ્યા પછી જો કોઈ કર્મચારીની નવી નિમણુંક,બદલી, બઢતી, નિવૃતિ વગેરે કારણોસર માહિતીમાં ફેરફાર થાય તો તેની જાણ સંબંધિત ચૂંટણી અધિકારીશ્રી/જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીને અચૂક કરવા પણ જણાવવું.

૧૫. કર્મચારી જે વિસ્તારમાં રહેતા હોય,જે વિસ્તારમાં ફરજ બજાવતા હોય અને જે વિસ્તારના વતની હોય તે વિસ્તાર જે વિધાનસભા મતવિભાગમાં સમાવિષ્ટ હોય તે મતવિભાગના મતદાન મથકમાં તેઓને મતદાન સ્ટાફ તરીકે નિમણુંક આપી શકાતી નથી.

૧૬.  ચૂંટણી સંબંધી તમામ પ્રકારની તાલીમ તથા પોસ્ટલ બેલેટથી મતદાન કાર્યક્રમ વગેરેનું આયોજન શક્ય હોય ત્યાં સુધી જાહેર રજા અથવા રવિવાર કે ચાલુ કામકાજ ના દિવસોમાં કચેરી સમય બાદ કરવું.

૧૭.  બેન્ક અને એલ.આઈ.સી.ના કર્મચારી/ અધિકારીઓને Expenditure monitoring ની કામગીરી, સેક્ટર ઓફીસર,ઝોનલ ઓફિસર જેવી લાંબા ગાળાની ચૂંટણી ફરજો સોંપવી નહી.

૧૮.  એક માત્ર કર્મચારી દ્વારા ચાલતી બેન્ક/એલ.આઈ.સી. ની શાખાઓના કર્મચારી ઓને ચૂંટણી ફરજ સોંપવી નહી.

૧૯.  આ ઉપરાંત, ચૂંટણી આયોગે નીચે દર્શાવેલ કચેરીના અધિકારી /કર્મચારીઓને ચૂંટણી ફરજ પર ન નીમવા સૂચના આપી છે.

(૧) ભારતના ચૂંટણી પંચ દ્વારા નિર્દિષ્ટ ભારતીય વન સેવાના અધિકારીઓ.
(૨) પશુ દવાખાનામાં કાર્યરત ડોકટર્સ અને કંપાઉન્ડર્સ.
(૩) પશુ દવાખાનામાં કાર્યરત કક્ષા-૨ (પશુ વિસ્તરણ અધિકારી) ના અધિકારીઓ.
(૪) ડોકટર્સ,નર્સ,એ.એન.એન.સહિતના તબીબી કર્મચારીઓ.
(૫) વન વિભાગના ક્ષેત્રીય અધિકારીઓ.
(૬) આકાશવાણી (ઓલ ઈન્ડીયા રેડીયો)ના કર્મચારીઓ.
(૭) દૂરદર્શનના કર્મચારીઓ.
(૮) ભારતના અન્ન નિગમના કર્મચારીઓ.
(૯) આયુષ વિભાગના આયુર્વેદિક,યુનાની અને હોમિયોપેથિક તબીબી અધિકારીઓ.

૨૦.  શારીરીક અશક્ત કર્મચારી અને મહિલા કર્મચારીઓને મતદાન સ્ટાફમાં નિમણુંક આપતી વખતે રાખવાની તકેદારી અંગે ચૂંટણી આયોગે તેઓના તા.૨૩/૧૨/૨૦૦૮, તા.૧૧/૨/૨૦૦૯ ના પત્રોથી આપેલ સુચનાઓ ધ્યાને લાવી જે શારીરીક અશક્ત કર્મચારી તેમજ મહિલા કર્મચારી સ્ટાફમાંથી નિમણુંક આપવામાંથી મુક્તિ ને પાત્ર (જેવી કે સગર્ભા મહિલા) છે તેઓની વિગત આપી તેઓ ચૂંટણી ફરજ બજાવવામાં મુક્તિને પાત્ર છે, તેવી સ્પષ્ટતા અચૂક કરવા સંબંધિત કચેરીને જણાવવું.

ઉપર્યુક્ત વિગત ધ્યાને લઈ ચૂંટણી કામગીરી સાથે સંકળાયેલ તમામ મતદાન સ્ટાફ,હોમગાર્ડઝ, પોલીસ,સરકારી,ખાનગી અને એસ.ટી.નિગમ ના ડ્રાઈવર, કન્ડકટર અને કલીનરની વિગતો તા.૩૦/૦૪/૨૦૧૭ સુધીમાં મેળવી ડેટા એન્ટ્રી કરવાની કાર્યવાહી પુરી કરવા અનુરોધ છે.

(બી.બી.સ્વૈન)
મુખ્ય નિર્વાચન અધિકારી
ગુજરાત રાજ્ય.

બિડાણ : ઉપર મુજબ